ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# જિલ્લા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી ૨૭મી જુલાઈએ યોજાશે

## પંચાયત પ્રમુખ મંગીબેને રાજીનામું આપતાં વિકાસ કમિશનરે નવા પ્રમુખની ચૂંટણી માટે જાહેરાત કરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખની વરણી માટે ૨૩મી જુલાઈના રોજ ખાસ સામાન્ય સભા યોજવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે તેમના હોદ્દા પરથી રાજીનામું આપતાં વિકાસ કમિશનરશ્રીએ તે મંજૂર રાખી નવા પ્રમુખની ચૂંટણી માટે ૨૩ જુલાઈ નિયત કરી છે. આની જાણ જિલ્લા પંચાયતના તંત્રને કરી દેવાઈ છે. હવે જિલ્લા પંચાયત દ્વારા આ અંગે વિધિવત એજન્ડા જારી કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ નવા પ્રમુખની ચૂંટણી માટે ૨૨મી જુલાઈના રોજ ઉમેદવારીપત્ર ભરવાના રહેશે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખના અધ્યક્ષસ્થાને આ બેઠક મળશે અને તેમાં ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતિ છે. જો કે પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી અંગેની તારીખ જાહેર થતાં જ આ હોદ્દો મેળવવા માટે સદસ્યોમાં આંતરિક ખેંચતાણનો પ્રારંભ થઈ ચુકયો છે.

કોંગ્રેસ પક્ષની નેતાગીરીએ પણ થોડાક સમય પૂર્વે જ આ હોદ્દા માટે સભ્યોના મન જાણવાની પ્રક્રિયા સંપન્ન કરી દીધી છે. પક્ષ દ્વારા જો કે હજુ પણ સભ્યોની વધુ એક વખત બેઠક રથયાત્રા બાદ યોજવામાં આવે તેવી શકયતાઓ છે. સભ્યોના મન જાણવા આવેલા નિરીક્ષક શ્રી શૈલેષ પરમારને વર્તમાન ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોરે પણ તેમના હોદ્દા પરથી રાજીનામું આપતો પત્ર ધરી દીધો હતો જે ઉલ્લેખનીય છે.

જિલ્લા પંચાયતમાં આજે આ ચૂંટણીની જાહેરાત થઈ હોવાની જાણ થતાં જ પંચાયતના વર્તુળમાં હવે નવા પ્રમુખ કોણ તેને લઈ ચર્ચાઓનો આરંભ થઈ ગયો છે.

# ભાજપ પરિવાર ભાવનાથી કાર્યકરોનો બનેલો પક્ષ છે : નીતિન પટેલ

## શહેર પ્રમુખ તરીકેનો કાર્યભાર કાર્યકરો અને વરિષ્ઠોની હાજરીમાં સંભાળ્યો

ગાંધીનગર, તા. ૪

ભારતીય જનતા પક્ષ એ પરિવારની ભાવના ધરાવતો પક્ષ છે અને અહિ સત્તા નહિ પણ સેવા એ જ મહામંત્ર છે. તેમ શહેર ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી નીતિન પટેલે આજે પ્રમુખપદ તરીકેનો કાર્યભાર સંભાળતાં કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શહેરનું સંગઠ્ઠન સૌને સાથે રાખી આગળ વધશે અને શહેરની વિકાસકૂચમાં યથાયોગ્ય પ્રદાન કરી સંગઠ્ઠનોની આગવી ઓળખ બનાવશે.

આ પ્રસંગે પ્રભારીશ્રી કે.સી. પટેલે કાર્યકરોને સંબોધતાં જણાવ્યું હતું કે કાર્યકર્તાની ઓળખ એ પ્રજા સાથેનો નાતો છે. પક્ષની વિચારધારાને પ્રજા સુધી પહોંચાડવા માટે તે સેતુ છે. તેમણે કહ્યું હતું કે આપણી જવાબદારી વિશેષ છે. સરકાર અને સંગઠ્ઠન બન્નેની વાતો લોકો સુધી લઈ જવાની છે અને લોકોના પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવાની જવાબદારી છે.

● અનુસંધાન પાના-૭ પર

# અરજદારોને લાયસન્સ ઈસ્યુ ન થતા માનવ અધિકાર આયોગની વિભાગને નોટીસ

ગાંધીનગર, તા. ૪

આર.ટી.ઓ. કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટ પાસ કર્યા બાદ પણ હજારો અરજદારોને લાયસન્સ ઈસ્યુ ન થતા આખરે આ મામલે માનવ અધિકાર આયોગે વાહન વ્યવહાર કમિશનર તેમજ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીને નોટીસ આપી આ મામલે ૩૦ દિવસમાં અહેવાલ રજુ કરવા આદેશ કર્યો છે.

રાજ્યની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે માટે એપોઈન્ટમેન્ટ સિસ્ટમ અમલી બનાવાઈ છે. જ્યારે લાયસન્સ ટેસ્ટ માટે હવે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક શરૂ કરી દેવાયો છે. જેના આધારે ટ્રેક પર ટેસ્ટ લઈ વાહનચાલકોને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ આર.ટી.ઓ. કચેરી દ્વારા છેલ્લા કેટલાક સમયથી

● અનુસંધાન પાના-૭ પર



(તસવીર : દિપક જાની)

છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં સાડા ચાર ઈંચ પાણી ટપકતા સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા છે. માર્ગ વચાળે ભુવા પડવા ઉપરાંત કેટલાક ઠેકાણે માટી પોલાણ થવાથી વાહનચાલકો સલવાઈ ગયા હતા. સચિવાલય પાસે પણ એક કાર માટી પોલાણથી સર્જાયેલા ગાબડામાં અડધો અડધ ગરકાવ થઈ ગઈ હતી.



(તસવીર : ભાવિન પટેલ)

મેહૂલિયો મન મુકીને વરસતા શહેરમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે વરસાદી સમસ્યાઓ ઉભરાઈ રહી છે. સતત વરસતા વરસાદના લીધે શહેરના 'ગ'-૫ પાસે માર્ગ વચાળે મોટોમસ ભૂવો અસ્તિત્વમાં આવ્યો છે. ભયજનક ભૂવાથી બચવા દિવસ દરમિયાન વાહનોની અવરજવર પણ વન-વે કરી દેવાઈ હતી. માર્ગની એકબાજુએ પણ માટીપોલાણ થતા મોટુ ગાબડુ પણ સર્જાયુ છે. તંત્રએ અકસ્માત નિવારવા ત્વરિત સમારકામ હાથ ધરવાની તાતિ જરૂરિયાત ઉભી થઈ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

સે. ૬ પોલીસ ચોકી નજીક પણ વરસાદી પાણીના લીધે માટી બેસી જતા સ્ટ્રીટલાઈટનો પોલ પડી ગયો હતો. વરસાદી પાણીના લીધે પોલાણ થવાથી વાયર સહીત ખેંચાયેલો પોલ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત પ્રવર્તી છે.

# વરસાદી હેલીથી શાળામાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી

## સતત વરસાદથી સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા

ગાંધીનગર, તા.૪

આકરા ઉકળાટ બાદ ગત રાતથી વરસાદી હેલી શરૂ થતા શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયું છે. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાતા નગરનું જનજીવન પણ પ્રભાવિત થયું છે. ગઈકાલ રાતથી શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ ઝરમર વરસ્યો હતો જેના પરિણામે શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પણ પાંખી જોવા મળી હતી. બુધવારે મોડી સાંજ સુધી વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં અસહ્ય ઉકળાટ પ્રવર્ત્યો હતો. પરંતુ રાત્રિના સમયે વાતાવરણમાં બદલાવ આવતા અચાનક જ વરસાદી વાયરો ફૂંકાવાની સાથે મેઘરાજાની પધરામણી થઈ હતી. ગઈ કાલે મોડી રાતથી શરૂ થયેલો વરસાદ આજે પણ દિવસ દરમિયાન મન મૂકીને વરસ્યો હતો. વરસાદી હેલીના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના આંતરિક માર્ગો સહિત મુખ્યમાર્ગો વરસાદી પાણીમાં ઘમરોળાતા નાગરિકોને હાલાકી વેઠવી પડી હતી. જયારે આખી રાત વરસેલા મેઘરાજા સવારે પણ મૂડમાં હોવાથી વરસાદ ચાલુ રહ્યો હતો. સતત વરસતા વરસાદના લીધે શહેરી જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. આ સ્થિતિ વચ્ચે સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ તકલીફ પડી હતી. જેના પરીણામે શાળાઓમાં વિદ્યાર્થીની પાંખી હાજરી જોવા મળી હતી. ખાસ કરીને પ્રાથમિક શિક્ષણના વર્ગોમાં વિદ્યાર્થીઓની ગેરહાજરી વિશેષ રહી હતી. જયારે વાલીઓને પણ વરસતા વરસાદમાં વિદ્યાર્થીઓને શાળાએ પહોંચાડવાનું અઘરું પડયું હતું.

# ભારે વરસાદથી હવામાન બગડતા તમામ ડોમેસ્ટીક ફલાઈટો મોડી પડી

ગાંધીનગર, તા. ૪

ભારે વરસાદને કારણે હવામાન બગડતા વિમાની સેવાને અસર થવા પામી છે. તમામ ડોમેસ્ટીક ફલાઈટો અડધાથી પોણો કલાક મોડી થતાં મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

લાંબા વિરામ બાદ સમગ્ર રાજ્યમાં ગત રાત્રીથી મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતાં રાજ્યભરમાં વરસાદી માહોલ સર્જાયો છે. ભારે વરસાદને કારણે હવામાનમાં પલટો આવવા પામ્યો હતો અને હવામાન ધુંધળુ થતા વિમાની સેવાઓને અસર થવા પામી હતી.

અમદાવાદ ખાતે આવેલ વિમાની મથકોએથી ઉપડતી તમામ ડોમેસ્ટીક ફલાઈટો અડધાથી પોણો કલાક મોડી પડવા પામી હતી. આ ઉપરાંત દિલ્હીથી અમદાવાદ આવતી જેટની ફલાઈટ પણ અડધો કલાક મોડી પડી હતી. ડોમેસ્ટીક ફલાઈટો મોડી પડતા મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

અમદાવાદ એરપોર્ટ ખાતે ભારે વરસાદને કારણે એરપોર્ટના ડાયરેક્ટરની ઓફીસની બહાર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

# સે-૭માંથી ૩ સાદા ઝાડાના કેસ મળ્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સે-૭માંથી ગઈ કાલે મળી આવેલા કોલેરાના કેસને પગલે આજે તંત્ર દ્વારા હાથ ધરાયેલ સર્વલન્સમાં સે-૭માં આવેલ પોલીસ ચોકીના જુના મકાનની સામેની ઝૂંપડપટ્ટીમાંથી વધુ ૩ સાદા ઝાડાના કેસ મળી આવ્યા છે.

તંત્ર દ્વારા આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે. પાણીના કલોરીનેશન માટે કરાયેલા બધા જ ટેસ્ટ પોઝીટીવ આવતાં તંત્રને રાહત થઈ છે.

સર્વેલન્સનો વધુ સઘન બનાવવામાં આવશે તેવા સંકેતો તંત્રના સૂત્રોમાંથી મળ્યા છે. તેમજ આ વિસ્તારમાં લોક જાગૃતિ અંગેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.



સતત ફુંકાતા વરસાદી વાયરાના લીધે શહેરમાં વૃક્ષો ધરાશાયી થવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. સે. ૬ના આંતરિક માર્ગ ઉપર પણ જમીનદોસ્ત થયેલું વૃક્ષ માર્ગ પર આડશ બન્યું હતું. જ્યારે જૂના સચિવાલયમાં પણ ખજુરીનું તોતિંગ વૃક્ષ પડી ગયું હતું. જો કે સદ્નસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. (તસવીર : દિપક જાની)

# રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી

## પંચમહાલના મોરવા હડપ, દાહોદના ફતેપુરા અને સાબરકાંઠાના પ્રાંતિજમાં ભારે વરસાદ : મહી નદીમાં ૫૧૦૦૦ ક્યુસેક પાણી છોડાતા ગામો એલર્ટ

અમદાવાદ, તા. ૪

અમદાવાદ શહેર ઉપરાંત ગુજરાતમાં પણ મોટા ભાગના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ થતા ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. ખેડા જિલ્લાના કપડવંજમાં ૧૪૫ મીમીથી વધુ વરસાદ ખાબક્યો છે જ્યારે પંચમહાલ જિલ્લાના મોરવાહડપમાં ૧૪૪ મીમીથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના ફતેપુરામાં ૧૩૯ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ૧૨૫ મીમી વરસાદ થયો છે. બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે આગામી ૪૮ કલાકમાં અતિ ભારે વરસાદ થઈ શકે છે. અતિ ભારે વરસાદના કારણે વરસાદને ધ્યાનમાં લઈને તંત્ર સાબદુ થઈ ગયુ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ગુજરાતના ૨૪ જિલ્લાના ૧૪૮ તાલુકાઓમાં મધ્યમથી ભારે વરસાદ થયો છે.



બીજી બાજુ શ્રેણીબદ્ધ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. ધંધૂકામાં પાંચ ધોળકામાં ૧૦ અને દશક્રોઈમાં પાંચ ગામોને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. વિશ્વસનિય સૂત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે વાસણા બેરેજમાંથી ૬૪૨૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. બેરેજના સાત દરવાજા ખોલી દેવામાં આવ્યા છે જેના પરિણામ સ્વરૂપે સાબરમતી નદીમાં પાણીની સપાટી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ કંડાણા બંધમાંથી મહી નદીમાં ૫૧૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે જેથી વડોદરા ગ્રામ્ય, પાદરા સહિતના ૪૦થી વધુ ગામોને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં હજુ પણ અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી હજુ લોકોને રાહત નહીં મળે તેવી શક્યતા છે. અમદાવાદ શહેરમાં પણ અતિ ભારે વરસાદના કારણે હાલત કફોડી રહી હતી. અમદાવાદ શહેરમાં પણ ૨૪ કલાકથી પણ ઓછા ગાળામાં સાત ઈંચથી પણ વધુ વરસાદ થયો છે જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલ મોડી રાતથી શરૂ થયેલો વરસાદ રાજ્યના જુદા જુદા ભાગોમાં આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. હજુ પણ વરસાદ બે ત્રણ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com